પબ્લીક હેલ્થ લેબોરેટરી
સુરત મહાનગરપાલિકા
બીજો માળ, વેસુ સામુહિક આરોગ્ય કેન્દ્ર
વેસુ ફાયર સ્ટેશનની સામે, વી.આઈ.પી. રોડ
વેસુ, સુરત–૩૯૫૦૦૭ ગુજરાત
ઓ.ટેલી.નં. ૬૩૫૯૯૦૯૯૨૪

પીએચડી/પીએચએલ/ આ.નં.૭૭૭
તા.૧૩/૦૧/૨૦૨૫

**ભાવપત્રક/ ક્વોટેશન**

વિષયઃ– સુરત મહાનગરપાલિકાના જાહેર આરોગ્યખાતાનાં તાબા હેઠળની પબ્લીક હેલ્થ લેબોરેટરીમાં પાણી અને ખાદ્ય ચીજ વસ્તુઓનું અગ્રિમતા ધોરણે નિયમીત પૃથ્થકકરણ કરવામાં આવે છે. આ પૃથ્થકકરણ અંગે લેબોરેટરીમાં Certified Reference Material (CRM) જરૂરી ખરીદી કરવા માટે ભાવપત્રક/ક્વોટેશન આપવા બાબત.

મહાશય,

સવિનય જણાવવાનું કે, સુરત મહાનગરપાલિકા સંચાલિત જાહેર આરોગ્યખાતાનાં તાબા હેઠળની પબ્લીક હેલ્થ લેબોરેટરી હાલ, બીજો માળ, વેસુ સામુહિક આરોગ્ય કેન્દ્ર, વેસુ ફાયર સ્ટેશન સામે, વી.આઈ.પી. રોડ, વેસુ, સુરત. ખાતે પાણી અને ખાદ્ય ચીજ વસ્તુઓનું અગ્રિમતા ધોરણે નિયમીત પૃથ્થકકરણ કરવામાં આવે છે. પબ્લીક હેલ્થ લેબોરેટરીને FSSAI ની 57/W/FSSAI/2021 માન્યતા મળેલ છે. આ માન્યતાને જાળવી રાખવા માટે Director Quality Assurance ના તા.૦૩/૦૬/૨૦૨૪ લેટર મુજબ FSSAI NABL Integrated Assessment અનીર્વાય છે.

ઉપરોકત પેરા મુજબ FSSAI NABL Integrated Assessment કરવવા માટે નીચે પરિશિષ્ટ–૧ મુજબ ના Certified Reference Material (CRM) જરૂરી હોય,

–: પરિશિષ્ટ–૧ :–

| Sr. No. | MATERIAL NAME | Quantity |
|---|---|---|
| 1 | Aflatoxin B1 (1 VIAL; 3.0µg/ml) (ISO 17034 compliant) | 1 |
| 2 | Aflatoxin B2 (1 VIAL; 3.0µg/ml) (ISO 17034 compliant) | 1 |
| 3 | Aflatoxin G1 (1 VIAL; 3.0µg/ml) (ISO 17034 compliant) | 1 |
| 4 | Aflatoxin G2 (1 VIAL; 3.0µg/ml) (ISO 17034 compliant) | 1 |
| 5 | Aflatoxin mix (1x5 VIAL) (ISO 17034 compliant) | 1 |

સુરત મહાનગરપાલિકાના આરોગ્ય ખાતાના પબ્લીક હેલ્થ લેબોરેટરીમાં, ઉકત પરિશિષ્ટ–૧ અંગેના ભાવ (GST , Delivery તથા તમામ ખર્ચ સહિત) આપવાના રહેશે.

સદર ભાવો તમારા લેટર પેડ ઉપર આપવાના રહેશે. ભાવ પત્રક સાથે તમારી સંસ્થા તેમજ તમારા ગુમાસ્તાધારા હેઠળનો નોંધણી નંબર, GST નંબર અને પાન કાર્ડ નંબર વિગેરે બિનચુક સામેલ કરી સીલ બંધ કવરમાં મુકવાના રહેશે. આ સીલ બંધ કવર ઉપર ખાતાનું નામ (પબ્લીક હેલ્થ લેબોરેટરી) અને કામનું નામ (વિષયમાં જણાવ્યા મુજબ) સ્પષ્ટ વાંચી શકાય તે રીતે લખી, તા.૨૩/૦૧/૨૦૨૫ સુધીમાં **મુખ્ય હિશાબનીશશ્રી, હિશાબીશાખા, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત ખાતે ફકત સ્પિડપોસ્ટ/ આર.પી.એડી. થી પહોચતા કરવાના રહેશે. નિયત સમય મર્યાદામાં પ્રાપ્ત થયેલ બંધ કવરો જ ધ્યાને લેવામાં આવશે**. તમો ધ્વારા આપવામાં આવેલ ભાવોની વેલીડીટી, ભાવપત્રક/ક્વોટેશન ખુલ્યાની તારીખ થી ૧૨૦ દિવસ ગણવાની રહેશે.

**ખાસ નોંધ**

- ભાવ પત્રકમાં જણાવેલ ભાવ સીલ બંધ કવરમાં આપવાના રહેશે અને ભાવ પર સેલોટેપ લગાવેલ હોવી જોઈએ.
- ભાવ પત્રકમાં જણાવેલ ભાવો GST, Delivery તથા તમામ ખર્ચ સહિતના આપવાના રહેશે.
- ભાવ પત્રકમાં જણાવેલ ભાવ ઉપરાંત કોઈ વધુ રકમ ચુકવવાની રહેશે નહિ.
- બીલની ચુકવણી સુરત મહાનગરપાલિકાના નિયમ મુજબ કરવામાં આવશે.

ફુડ એનાલીસ્ટ,
પબ્લીક હેલ્થ લેબોરેટરી
સુરત મહાનગરપાલિકા